અપીલ અરજી નં.૩૮૯ તા.૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ધનજીભાઈ કે. પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.૪ (અશ્વનીકુમાર) ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં.૧ તથા ૨ ની વિકાસ પરવાનગી ટીડીઓ/ ડીપી/૨૭૬ તા.૧૬–૦૧–૦૯ થી મંજુર કરવામાં આવેલ પ્લાન વિરૂધ્ધ બાંધકામ થયેલ છે. છે કે નહીં તેની મિહિતી આપો . મુદ્દા નં.૨ ઉપરોકત પ્લોટમાં અપાયેલ વિકાસ પરવાનગી સીવાય વધારાનું ગેર કાયદેસર બાંધકામ થયેલ છે તે સુ.મ.પા. ધ્વારા તોડવામાં આવશે કે નહીં? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૯/૨૦૧૧–૧૨

શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.૪ (અશ્વનીકુમાર) ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં.૧ તથા ૨ ની વિકાસ પરવાનગી ટીડીઓ/ ડીપી/૨૭૬ તા.૧૬–૦૧–૦૯ થી મંજુર કરવામાં આવેલ પ્લાન વિરૂધ્ધ બાંધકામ થયેલ છે. છે કે નહીં તેની મિહિતી આપો . મુદ્દા નં.૨ ઉપરોકત પ્લોટમાં અપાયેલ વિકાસ પરવાનગી સીવાય વધારાનું ગેર કાયદેસર બાંધકામ થયેલ છે તે સુ.મ.પા. ધ્વારા તોડવામાં આવશે કે નહીં? તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૩ તા. ૧૦–૧૦–૧૧થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા સાથે માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ મોકલવા**પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૧ ૦૮ તા.૧૮–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત તથા અધુરી માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી તરફથી પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૩ તા.૭–૧૨–૧૧ થી પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૩ તા.૧૦–૧૦–૧૧ થી પુરી પાડેલ માહિતીના પત્રની નકલ, અરજદારને મોકલવામાં આવેલ પત્રની પહોંચની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૯–૦૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૩ તા. ૧૦–૧૦–૧૧થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૩ તા. ૧૦–૧૦–૧૧ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૧માં મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામો અંગે અત્રેથી નોટીસ આપાયેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. ૨ માં આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતી આરટીઆઈ એકટમાં આવતી ન હોય આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. આરટીઆઈ કાયદા ની કલમ–૨(એફ) અને ૨ (જે) ની જોગવાઈ અનુસાર " ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે મુજબ માહિતિ પુરી પાડેલ છે. જયારે અરજદારને અધુરી માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધાર હોય તો રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને કોઈ પુરક વિગત પુરી પાડેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૯–૦૮–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન......જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનજીભાઈ કે. પટેલ,